# પાપ-પુણ્યને ભિન્ન-ભિન્ન દૃષ્ટિકોણથી સમજીએ

દેશ, કાળ, પરિસ્થિતિ, વ્યકિત, સંસ્કાર વગેરે પ્રમાણે પાપ-પુણ્યની, ધર્મ-અધર્મની વ્યાખ્યા બદલાતી હોય છે. તેથી તેની વ્યાખ્યાને દઢપણે-જડપણે વળગી રહેવાથી લાભ થતો નથી, નુકસાન પણ થઈ શકે છે. તેને જુદી-જુદી રીતે સમજવાનો પ્રયત્ન કરીએ:

૧. એક ભાઈને આખા શરીરે કોઢ નીકળ્યો. લોકો કહે કે તેણે બહુ પાપ કર્યા હશે. તેણે શું પાપ કર્યાં હતાં? તેણે આરોગ્યના નિયમનો ભંગ કરવાનું પાપ કર્યું હતું. તેને રાત્રે ઇલાયચી ખાવાની ટેવ હતી. ઇલાયચીની સાથે ઇલાયચીની ઇયળ પણ ખવાઈ ગઈ. આયુર્વેદમાં કહ્યું છે કે રાત્રે ઇલાયચી ખાય તો તેના ઘચરકાથી કરોળિયા નીકળે છે અને તેની ઇયળ ખાવામાં આવે તો કોઢ નીકળે છે.

૨. એક ભાઈને ભયંકર પેટપીડ ઊપડી, લોકો કહે કે તેણે પાપ કર્યું હશે, તેણે હવે પુણ્ય કરવું જોઈએ. કયું પુણ્ય કરવું જોઈએ? બ્રહ્મભોજનનું, કે તીર્થયાત્રાનું, કે દાનદક્ષિણા વગેરેમાંથી તેણે કયું પુણ્ય કરવું જોઈએ? પણ પુણ્ય કરતાં પહેલાં તેણે કયું પાપ કર્યું છે તે તપાસવું પડે. તે ભાઈએ વધુ પડતું વાલનું શાક ખાધું હતું અને તેથી ખૂબ વાયુ થવાના કારણે તેને પેટપીડ ઊપડી હતી. તો, આ પાપને દૂર કરવા માટે તેણે એક-બે દિવસના ઉપવાસરૂપી પુણ્ય કરવું જોઈએ. તો પેટપીડા મટે.

૩. એક ભાઈનો કાન કપાઈ ગયો હતો. કયા પાપનું આ ફળ હશે? એક બેનને બે-ત્રણ ગુંડાઓ કનડતા હતા ત્યારે તે તેને બચાવવા કૂદી પડયો હતો ત્યારે તેણે પોતાનો કાન ગુમાવ્યો હતો. તેના આ પરોપકારી કાર્યને પુણ્ય કહેવું કે પાપ કહેવું? તેનું બુચાપણું ( એક કાનનું કપાઈ જવું ) તેના માટે દૂષણરૂપ ગણવું કે ભૂષણરૂપ ગણવું?

શ્રીકૃષ્ણ જરાસંઘ જોડે યુધ્ધ કરતા અનેક વાર રણ છોડી-છોડીને ભાગ્યા. રણ છોડીને ભાગવું એ તેમના માટે દૂષણરૂપ હતું, ક્ષત્રિયનો દીકરો યુધ્ધમાંથી પાછો આવે તો જીતીને જ આવે અથવા શહીદ થઈ જાય, પણ યુધ્ધનું રણ છોડીને કદી પાછો ભાગે નહિ, જો તે રણ છોડીને પાછો આવે તો તેની પત્ની તેને ઘરમાં પેસવા ન દે. પણ શ્રીકૃષ્ણને તો તેમના ભકતોએ "જય રણછોડ - જય રણછોડ" કહીને બિરદાવ્યા, કેમ? કારણ કે તેમનું યુધ્ધ જનકલ્યાણ માટે હતું માટે. કયારેક જે બાબત નિંદાને પાત્ર બને છે, તો કયારેક તે જ બાબત પ્રશંસાને પાત્ર બનશે, પાપરૂપ ગણાશે કે પુણ્યરૂપ ગણાશે - અધર્મરૂપ ગણાશે તેનો આધાર દેશ, કાલ, પરિસ્થિતિ વગેરે ઉપર છે.

૪. એકપત્ની, એકવચન, એકબાણ તેને રામાયણમાં એક આદર્શ તરીકે વર્ણવ્યા છે. અત્યારે "બે બાળક બસ"નો આદર્શ ચાલી રહ્યો છે. પરંતુ હાલમાં પણ જે દેશમાં વસ્તી ખૂબ ઓછી છે ત્યાં દરેક બાળકના જન્મ વખતે, ત્યાંની સરકાર તરફથી તે માતાપિતાને વધુ સુખ-સગવડો આપીને ઉત્તેજન આપવામાં આવે છે.

વળી મહામારી કે મહાયુધ્ધો પછી પુરુષ-સંખ્યા ખૂબ ઘટી ગઈ હોય છે ત્યારે વધુ પત્ની કરનાર અને વધુ બાળક ઉત્પન્ન કરનારને પુણ્યશાળી ગણવામાં આવે છે. કારણ કે એ પરિસ્થિતિમાં એવી જરૂરત ઊભી થઈ હોય છે. તે વખતે જો એક પત્ની કે ઓછા બાળકને "આદર્શ" ગણવા જાય તો દેશની આબાદીનું શું? તો દેશ કયારે બેઠો થાય?

૫. ચાંગદેવે જ્ઞાનેશ્વરને એક કાગળમાં ખૂબ પ્રશ્નો લખી મોકલ્યા. તેના જવાબમાં જ્ઞાનેશ્વરે કોરો કાગળ મોકલ્યો, કેમકે ચાંગદેવ જેવા માટે હવે પ્રશ્નોથી ઉપરામ થઈ જવું યોગ્ય ગણાય. પણ અન્યો માટે તો "પરિપ્રશ્નેનસેવયા" અર્થાત્ પ્રશ્નો પૂછીને જિજ્ઞાસા સંતોષાવી તે યોગ્ય ગણાય. અસ્તુ.

મુકતાબાઈ જે જગ્યાએ ( જે ઓરડામાં ) સ્નાન કરી રહ્યાં હતાં ત્યાં ચાંગદેવ ભૂલથી પ્રવેશે છે અને મુકતાબાઈને સ્નાન કરતા જોઈને તુરત સંકોચ અનુભવીને પાછા ફરવા લાગે છે, ત્યારે મુકતાબાઈ ઠપકાના રૂપમાં ચાંગદેવને કહે છે કે "ફટ નુગરા!" આ ફિટકાર સાંભળીને ચાંગદેવ ઊભા રહી જાય છે અને પૂછે છે કે "મને નુગરો ( ગુરુ વિનાનો ) કેમ કહ્યો?" ત્યારે જવાબ મળ્યો કે "બારસો વર્ષનું તમારું આયુષ્ય થયું, જ્ઞાનેશ્વર જેવાને તમે ગુરુ બનાવ્યા પણ તોય તમારા મનમાંથી હજુ સ્ત્રી-પુરુષના કે સવસ્ત્ર-નિર્વસ્ત્ર ના ભેદ ગયા નથી!" આવી ટકોર મુક્તાબાઈ જેવાં જ કરી શકે અને ચાંગદેવ જેવાને જ ઉપયોગી નીકળી શકે, "તેજણને ટકોર" બસ. ચાંગદેવમાં જેટલી કચાસ હતી તે આ ટકોરથી નીકળી ગઈ અને તેઓ અભેદ ભાવનામાં - આત્મભાવમાં વધુ સ્થિર થયા.

ચાંગદેવ માટે સ્ત્રી-પુરુષ-મર્યાદા ભલે પાપરૂપ ગણાય પણ અન્યો માટે તો તે મર્યાદાનું પાલન જ પુણ્યરૂપ ગણાય.

૬. એક ભાઈને ગેસનો ભારે વ્યાધિ થયો. ઘણી દવાઓ કરી પણ મટે નહિ. તો, આ કયા પાપનું ફળ હશે? હોમિયોપેથીના ડોક્ટરે કહ્યું કે "આ રિએકશન છે, મેલેરિયા મટાડવા જે કિવનાઈન ખાધેલી તેનું આ રિએકશન છે." તો

વળી એ પ્રશ્ન થાયો કે મેલેરિયા કેમ થાયો? કોઈ પાપ કર્યું હશે ત્યારે મેલેરિયા થાયો ને? હા, મેલેરિયા થાયો તે પાપનું જ ફળ છે. પણ કયું પાપ? મચ્છરદાની નાખવામાં આળસ કરી તે પાપ. મચ્છરદાની નાખવામાં વધુ પરિશ્રમની પણ જરૂર નહોતી, કે વધુ પૈસા ખર્ચવાની પણ જરૂરત નહોતી, જરૂરત હતી માત્ર આળસ છોડવાની. આળસ એ જીવનમાં મોટામાં મોટું પાપ છે.

૭. એક માણસ વ્યભિચારી છે તોયે ખાસો તંદુરસ્ત છે અને બીજો એક માણસ એકપત્નીવ્રત વ્રતવાળો છે તોયે ખાસો બીમાર રહે છે! આમ કેમ? કારણ કે વ્યભિચારી માણસ એક વરસમાં બે-ચાર વખત જ વ્યભિચાર કરે છે અને એક-પત્નીવ્રતવાળો પોતાની ધર્મપત્ની જોડે રોજ અસંયમ આચરે છે. પહેલો વ્યભિચારી હોવા છતાંય તેના વીર્યનો વ્યય અતિ અલ્પ પ્રમાણમાં થાય છે અને બીજો એક-પત્નીવ્રવાળો હોવા છતાંય રોજે અસંયમનું આચરણ કરવાથી તેના વીર્યનો વ્યય ખૂબ થાય છે. તેથી તે સદા બીમાર જ રહે છે. સ્વપત્ની દ્વારા પણ જો તંદુરસ્તીના નિયમનો ભંગ થાય તો નુકસાન ન થાય? થાય જ.

વ્યભિચારી માણસ સામાજિક નિયમનો ભંગ કરે છે તેથી તેને તે નિયમના ભંગથી જે અગવડો પડવાની હોય તે પડે જ, પણ તેના આરોગ્યરક્ષાના નિયમનો ભંગ ઓછો થાય છે તેથી તેનું આરોગ્ય સારું રહે - ઓછું કથળે, અને બીજો માણસ સામાજિક નિયમનું પાલન બરોબર કરે છે તેથી તેને તે નિયમના પાલનના કારણે જે સગવડો મળવાની હોય તે મળે જ, પણ આરોગ્યના નિયમનો ભંગ ખૂબ થતો હોવાથી તેનું આરોગ્ય ખૂબ કથળે જ. અસ્તુ.

આ દૃષ્ટાંત દ્વારા વ્યભિચારનું સમર્થન કરવાનો આશય બિલકુલ નથી પરંતુ તંદુરસ્તીના નિયમનો, કોઈપણ રીતે પણ જો ભંગ થાય તો નુકસાન થાય જ તે બતાવવાનો આશય માત્ર છે. વિવેકબુધ્ધિનો આશરો લઈને સાવધાન થઈ જવાનો આગ્રહ માત્ર છે.

સુખ-શાંતિની પ્રાપ્તિ માટે મનુષ્યે થોડા અંતર્મુખ થઈને સૂક્ષ્મ અર્થાત્ સાચી સમજણો કેળવવી જોઈએ. સુખ-શાંતિ કોઈ સ્થૂળ પદાર્થોમાં નથી જ. અસ્તુ.

ચોરી, જારી, ખૂન, લૂંટ વગેરેને આપણે પાપ ગણીએ છીએ અને ઉપર વર્ણવ્યાં તેને પાપ સમજતા નથી. જે પાપ માટે જે પ્રાયશ્ચિત કરવાની જરૂરત હોય તે પ્રાયશ્ચિત કરીએ તો જ તેમાંથી મુક્ત થવાય. પુણ્ય-પાપ વિષે મનુષ્યે અતિ સૂક્ષ્મ રીતે વિચારવું ઘટે. સાચી સમજણના અભાવે 'વાસીદામાં જ સાંબેલું' જતું હોય છે!

> પરહિત સરિસ ધર્મ નહિ ભાઈ,
> નહિ પરપીડા સમ અધમાઈ.

અર્થ : અન્યનું હિત કરવું તેના જેવો બીજો એકેય ધર્મ નથી અને અન્યોને દુ:ખી કરવા તેના જેવો બીજો એકેય અધર્મ નથી.

ઉપર કરેલી ધર્મ-અધર્મની વ્યાખ્યા ખૂબ સચોટ અને ત્રિકાલ-અબાધિત લાગે છે. પરંતુ આ વ્યાખ્યાને પણ સૂક્ષ્મ રીતે છણતાં તેમાં પણ બાંધછોડને અવકાશ જણાય છે. ડોક્ટર ઓપરેશન કરે છે ત્યારે ખૂબ પીડા આપે છે પણ તેનાથી તે, દરદીને સુખી કરવાનો પ્રયત્ન કરતા હોય છે. તેથી તેના તે કર્મને અધર્મ ન કહી શકાય. માતાપિતા કે ગુરુજનો પોતાના સંતાનોને કે શિષ્યોને જે કાંઈ ગમતું હોય તેવું જ કરે છે ત્યારે તેમને તે બહુ સારું લાગે છે પરંતુ લાંબા ગાળે તેથી તેનું અકલ્યાણ જ થતું હોય છે.

તો, આમ પાપ-પુણ્યને, ધર્મ-અધર્મને અનેક દૃષ્ટિકોણથી વિચારવાં જોઈએ - મૂલવવા જોઈએ. તો જ તેનો સાચો લાભ મળે અને તેનાથી ઊભા થતાં ભ્રમમાંથી બચી શકાય.

ઉપર જે જે કાંઈ કહેવામાં આવ્યું તે બધાનો મુખ્ય ધ્વનિ શું છે તે ગ્રહણ કરવો ઘટે. ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર. હજુ પણ ઘણા દૃષ્ટિકોણથી આ સૂક્ષ્મ વ્યાખ્યાને સમજી શકાય પણ આચરણ કરવાની ધગશવાળાઓ માટે આટલું બસ છે.